Shri Mehsana Prant Jain Dasha Shrimali Gnyati Mandal - Shreemati Saraswatiben Ramanlal Shah Sanskrutik Bhavan, Nr. Godawari Dehrasar, Vasna, Ahmedabad-380007.

શ્રી મહેસાણા પ્રાંત જૈન દશા શ્રીમાળી જ્ઞાતિ મંડળ - અમદાવાદ (ટ્રસ્ટ રજી.નં. ઈ-૩૩૦૩, તા.૨૩-૮-૭૮) સંચાલિત

જીવનમાં સફળ થવા માટે મહેનત અને સખત પરિશ્રમ જરૂરી છે.

# પરિવાર પત્રિકા

PARIVAR PATRIKA (Gujarati Monthly) (ગુજરાતી માસિક)

Year - 22 • Issue No. - 271 • 1st April 2026 Price Rs. 2/- • Pages-12

જાગૃતિ • માહિતી • પ્રવૃત્તિ • પ્રગતિ

**પરિવાર પત્રિકાના કાયમી મુખ્ય સૌજન્યદાતા**

સ્વ. શ્રી જશવંતલાલ ચીમનલાલ શાહ......(રણુંજ)
સ્વ. વર્ષાબેન દિલિપભાઈ શાહ.........(ભાલક)

**કાયમી સહાયક દાતા**

સ્વ. વિમળાબેન રસીકલાલ શાહ......(લણવા/પુના)

**પરિવાર પત્રિકા સંપાદન સમિતિ**

સંપાદક : બકુભાઈ સી. ગાંધી 98250 96444
સહ સંપાદક : રમેશભાઈ સી. શાહ 94263 84275

વિજયભાઈ કે. શાહ............(બોરીયાવી) 9998602896
ભાઈલાલભાઈ એન. ગાંધી.........(સમોડા) 9925722324
ભાવેશભાઈ એમ. શાહ.............(ભાલક) 9427702080
જશવંતભાઈ પી. શાહ..............(ભાલક) 9974716584
સંદિપભાઈ એસ. શાહ.........(બોકરવાડા) 9825787549

**મેનેજીંગ ટ્રસ્ટી**

બકુભાઈ સી. ગાંધી (સમોડા) 98250 96444

**પરિવાર પ્રકાશન કાયમી સૌજન્ય**

શ્રી સેવંતીલાલ છબીલદાસ શાહ પરિવાર.............(ભાલક)
સ્વ. શ્રી નટવરલાલ મણીલાલ શાહ................. (ભાલક)
સ્વ. જેઠાલાલ મોહનલાલ શાહ..................... (ખરોડ)
સ્વ. ચીનુભાઈ મણીલાલ શાહ.................... (પિંઢારપુરા)
સ્વ. શ્રી બાબુલાલ અંબાલાલ શાહ...................(મોટપ)
સ્વ. શ્રી અમૃતલાલ ઠાકરશી શાહ............... (મોટી ટેહ)
સ્વ. શ્રી પુનમચંદ ઉત્તમચંદ શાહ.................... (લણવા)
સ્વ. શ્રી બાબુલાલ કસળચંદ શાહ................. (વડાવલી)
શ્રીમતી પદ્માબેન રમણલાલ શાહ. .................... (મોટપ)
સ્વ. બિહારીભાઈ ચીમનલાલ મોદી...............(મહેસાણા)
શ્રી નટવરલાલ તલકચંદ શાહ..................... (દેલોલી)
શ્રી ચંપકલાલ મંગળદાસ શાહ.......................(મગુના)
શ્રીમતી પન્નાબેન અશ્વિનકુમાર ગાંધી.............. (સમોડા)
સ્વ. સુબોધચંદ્ર મણીલાલ શાહ....................... (મણુંદ)
સ્વ. કાન્તાબેન રસીકલાલ શાહ................. (વિસનગર)
સ્વ. કમળાબેન ચીમનલાલ શાહ......... (ઉનાવા/આંબેગામ)
સ્વ. લીલાવતીબેન સુમતીલાલ શાહ......... (સીનોલી/મણુંદ)
શ્રીમતી ચંદ્રિકાબેન નવીનચંદ્ર શાહ...............(લણવા)
શ્રી વિજયકુમાર કનુભાઈ શાહ................. (બોરીઆવી)
શ્રીમતી રંજનબેન મહેન્દ્રભાઈ શાહ..................(દેલોલી)
શ્રી નટવરલાલ મફતલાલ શાહ..................... (દેલોલી)
શ્રી ભોગીલાલ લીલાચંદ શાહ........................ (મોટપ)
સ્વ. ઈન્દીરાબેન શશીકાંત તિજોરીવાળા..... (લુણવા-મંડાલી)
સ્વ. ઉષાબેન નરેન્દ્રકુમાર હીંમતલાલ શાહ.......(બોકરવાડા)
શ્રીમતી વિમળાબેન નટવરલાલ શાહ..............(કમાણા)
સ્વ. વસુમતીબેન ઈશ્વરલાલ સોમચંદ શાહ.......... (ભાલક)
સ્વ. પુષ્પાબેન સુરેશચંદ્ર રસિકલાલ ગાંધી......(રણુંજ)
સ્વ. કંચનબેન હીંમતલાલ વાડીલાલ શાહ....(બોકરવાડા)
સ્વ. મહેન્દ્રકુમાર રતીલાલ શાહ (ચાવાળા)..........(સમોડા)
સ્વ. ગાંધી બાબુલાલ રસિકલાલ......................(રણુંજ)
સ્વ. બેલાબેન ભરતભાઈ કેશવલાલ શાહ............(રણુંજ)
શ્રીમતી હંસાબેન જીતેન્દ્રકુમાર બાબુલાલ શાહ..(બોરીયાવી)

## શ્રી મહેસાણા પ્રાંત જૈન દશા શ્રીમાળી જ્ઞાતિ મંડળ, અમદાવાદ

### પ્રગતિ અહેવાલ

વ્હાલા જ્ઞાતિજનો,

જય જિનેન્દ્ર, ચૈત્ર માસની શાશ્વતી નવપદની આયંબિલ ઓળી કરનાર સર્વે તપસ્વીઓની અનુમોદના.

આપણા જ્ઞાતિમંડળ દ્વારા પ્રકાશિત "પરિવાર પત્રિકા"ના બીજા પાને નીચેના ભાગમાં લાભાર્થી પરિવાર તરફથી રૂા.૨૧૦૦૦/-ના અનુદાનથી, તેમનો ફોટો અને અને નામ સાથે સુવાક્ય છપાય છે. તેનો લાભ એપ્રિલ ૨૦૨૫ થી માર્ચ-૨૦૨૬ સુધી શ્રીમતી હેમાબેન રાજેશકુમાર શાહે (ભાલક-અમદાવાદ) તેમના સ્વ.માતુશ્રી ઈન્દિરાબેનની પુણ્યસ્મૃતિમં લીધો હતો. જણાવતાં આનંદ થાય છે કે તે મુદત પૂરી થતાં જ આ વર્ષે પણ શેઠ શ્રી રાજેશભાઈ ચિનુભાઈ શાહ (ભાલક-અમદાવાદ) એ તેમના સ્વ.માતુશ્રી મંજુલાબેન ચિનુભાઈની પુણ્યસ્મૃતિમાં એપ્રિલ-૨૦૨૬ થી માર્ચ-૨૦૨૭ સુધી અનુદાન આપીને લીધો છે. અમદાવાદ જ્ઞાતિમંડળ શ્રીમતી હેમાબેન રાજેશભાઈ તથા શ્રી રાજેશભાઈ ચિનુભાઈની સમાજ પ્રત્યેની ઉમદા ભાવનાને બિરદાવે છે અને આભાર માને છે. આ પરિવારને ખૂબ ખૂબ ધન્યવાદ.

સાધર્મિક વાત્સલ્ય યોજના :-

દાતા શ્રીમતી વર્ષાબેન દિલિપભાઈ શાહ (ભાલક), શ્રી મુકેશભાઈ સુરેશચંદ્ર ગાંધી (રણુંજ) અને મંગુબેન ચંદુલાલ શાહ (વડાવલી)ના દાનથી અમદાવાદ જ્ઞાતિ મંડળે શરૂ કરેલી સાધર્મિક વાત્સલ્ય યોજના અંતર્ગત વર્ષ-૨૦૨૬ ના પ્રથમ રાઉન્ડમાં લાભ મેળવવા ઈચ્છતા સાધર્મિક જ્ઞાતિબંધુઓએ તા.૦૫-૦૪-૨૦૨૬ થી જ્ઞાતિમંડળના કાર્યાલયેથી અથવા Helpline Mobile No.+917046602375 પર મેસેજ કરીને પીડીએફ નકલમાં ફોર્મ મેળવી લેવા વિનંતી છે. આ ફોર્મ ભરીને તારીખ ૨૫-૦૪-૨૦૨૬ સુધીમાં ભરીને જ્ઞાતિમંડળના કાર્યાલયે પહોંચાડવા વિનંતી અથવા હેલ્પ લાઈન મોબાઈલ નંબર ઉપર અરજીનો ફોટો મોકલી આપવા વિનંતી છે.

ફોર્મ મેળવવા માટે કે જમા કરાવવા માટે કાર્યાલયે રૂબરૂ જ આવવું જરૂરી નથી. જ્ઞાતિનો કોઈ પરિવાર હજુ પણ આ યોજનાના લાભથી વંચિત ના રહી જાય અને અદ્યતન માહિતી ઉપલબ્ધ રહે તે માટે વર્ષમાં એક વખત આ માહિતી ફોર્મ ભરવાનું આયોજન કરવામાં આવેલ છે.

આપણી જ્ઞાતિના વડોદરા મંડળે સમગ્ર જ્ઞાતિના નવા વસ્તીપત્રકનું પ્રકાશન કરવાનું ભગીરથ કાર્ય હાથ ધર્યું છે. વડોદરા મંડળે કુરિયર દ્વારા જ્ઞાતિના દરેક પરિવારને પત્ર સાથે ફોર્મ મોકલી આપ્યું છે. આવું વસ્તીપત્રક દરેક જ્ઞાતિજનને અત્યંત ઉપયોગી છે. દરેક જ્ઞાતિજને વહેલી તકે ફોર્મ ભરીને મોકલી આપવા વિનંતી છે. ફોર્મ સ્વીકારવાની છેલ્લી તારીખ ૧૫-૦૪-૨૦૨૬ છે.

પ્રાચીન કાળથી આર્યાવર્ત-ભારતીવર્ષની સાંસ્કૃતિક ધરોહર તેમજ ધાર્મિક પરંપરા જાળવી રાખવામાં અને રાષ્ટ્રના વિકાસ માટે જૈન સમાજનો અમૂલ્ય નોંધપાત્ર ફાળો રહ્યા છે. શેઠ ભામાશા અને શેઠ જગડુશા જેવા અનેક દ્રષ્ટાંતો ઈતિહાસમાં સુવર્ણ અક્ષરે લખાયેલાં છે. દીર્ઘદ્રષ્ટા, રાષ્ટ્રપ્રેમી પ.પૂ.ચંદ્રશેખર મ.સાહેબના સ્વપ્ન મુજબ 'તપોવન' જેવી સંસ્થા દ્વારા જૈન વિદ્યાર્થીઓ ઉચ્ચ અભ્યાસ કરીને સરકારી સેવામાં જોડાવા તૈયાર થયેલા છે. આપણી જ્ઞાતિના સર્વ વાલીઓએ પોતાના સંતાનોને UPSC પરીક્ષાઓ અપાવવા પ્રોત્સાહન આપવાની વર્તમાન સમયમાં ખૂબ જરૂરી છે. જેથી કરીને તેઓ ભવિષ્યમાં IAS અને IPS બની શકે, દેશની સરકારી સેવાઓમાં જોડાઈ શકે અને રાષ્ટ્રના વિકાસમાં ફાળો આપી શકે. એટલું જ નહિ, ખાસ તો જૈનો સરકારી અમલદારો હશે તો જૈન સમાજના પ્રાણ પ્રશ્નોને વાચા આપી શકાશે અને જૈન ધર્મની પરંપરા જાળવી શકાશે તેમજ જૈન તિર્થોની રક્ષા માટે યોગદાન આપી શકાશે.

# પરિવાર પત્રિકા

સૌજન્ય દાતા
(જાન્યુઆરી-૨૬ થી ડિસેમ્બર-૨૭)



## શ્રી શશીકાન્ત સ્વરૂપચંદ તિજોરીવાલા

લુણવા-મંડાલી મુંબઈ, (ઉ.વર્ષઃ ૮૭)
જન્મ તા. ૧૭-૯-૧૯૩૮ • સ્વ. તા. ૨૦-૯-૨૦૨૫

પરમકૃપાળુ પરમાત્મા સદ્‌ગતના આત્માને સાચી શાંતિ પ્રદાન કરે તેવી પ્રાર્થના.

**સદ્‌ગતની સ્મૃતિમાં**

| | | |
|---|---|---|
| કેતન | કેયુર | કેતકી |
| અલ્કા | શ્વેતા | અક્ષય |

સ્વ. ઈન્દિરાબેન શશીકાન્તભાઈ તિજોરીવાલા પરિવાર તરફથી
અમદાવાદ બહારના ભારતમાં વસતા તમામ જ્ઞાતિજનોને ''પરિવાર પત્રિકા'' મોકલવામાં આવશે.

### મંડળની વિવિધ પ્રવૃત્તિઓ

- કેળવણી સહાય/ઉચ્ચ શિક્ષણ સહાય
- સાધર્મિક સહાય
- મેડિકલ સહાય
- મહિલા તત્કાલ સહાય
- શુભ લગ્ન આયોજન
- પરિવાર પત્રિકા
- તપસ્વી બહુમાન
- સમ્યગ્ જ્ઞાન પ્રસાર નિધિ
- મહિલા મંડળ

### પરિવાર શુભેચ્છક

સ્વ. સુભદ્રાબેન સેવંતીલાલ શાહ ....(બોકરવાડા)
શ્રી બંકિમકુમાર કાંતિલાલ શાહ ..........(ઊંઢાઈ)
શ્રી જયંતિલાલ અંબાલાલ શાહ ...........(ઊંઢાઈ)
કંચનબેન ચીનુભાઈ તીજોરીવાળા (લુણવા-મંડાલી)
મધુબેન મહેન્દ્રકુમાર ડાહ્યાલાલ શાહ.....(મગુના)
સ્વ. શ્રી અંબાલાલ બુલાખીદાસ શાહ......(મણુંદ)
સ્વ. સવિતાબેન અંબાલાલ શાહ...........(મણુંદ)
સ્વ. શારદાબેન નરોત્તમદાસ શાહ.........(મણુંદ)
સ્વ. નીતાબેન પ્રમોદભાઈ શાહ............(ખરોડ)

"પરિવાર પત્રિકા" માં આપની ધંધાકીય, વ્યાવસાયિક જાહેરાત માત્ર રૂા.૬૦૦/-માં આપી શકાય છે. તેની સાઈઝ ૬ સે.મી. X ૯ સે.મી. રહેશે. આ મામૂલી રકમની જાહેરાત દ્વારા આપના વ્યવસાયની વૃધ્ધિ થઈ શકે છે. તો સહકાર આપવા વિનંતી.

મેડીકલ સહાય સ્કીમ અંતર્ગત દર મહિને બે ગુરુવારે ડૉ.શ્વેતાબેન આર. શાહ હોમિયોપેથીક માર્ગદર્શન અને દવા નિઃશુલ્ક આપે છે. તેનો મેસેજ સંસ્થા દ્વારા વોટ્સએપથી મોકલાય છે. આ સેવાનો લાભ લેવા વિનંતી.

સમ્યક્‌જ્ઞાન પ્રસારનિધિ અંતર્ગત જ્ઞાતિના હોલમાં પાઠશાળા કાર્યરત છે. વધુમાં વધુ આપણી જ્ઞાતિજનો લાભ લે તેવી વિનંતી છે.

શ્રી ભાવેશભાઈ એમ. શાહ-મંત્રી ❁ શ્રી રમેશભાઈ સી. શાહ-સહમંત્રી

## શ્રી મહેસાણા પ્રાંત જૈન દશા શ્રીમાળી મહિલા મંડળ, અમદાવાદ





Women's Day નિમિત્તે અમદાવાદ જ્ઞાતિ મહિલા મંડળના ઉપક્રમે તા.૧૨-૦૩-૨૦૨૬ને ગુરુવારે જ્ઞાતિના સાંસ્કૃતિક ભવનના પ્લેટીનમ હોલમાં Women's Day Celebration નો એક ખૂબ સરસ કાર્યક્રમ યોજાયો હતો. જ્ઞાતિની ૧૩૦ બહેનો અને મહિલા મંડળના હોદ્દેદારો-કાર્યકરોની ઉપસ્થિતીમાં આ કાર્યક્રમ યોજાયો. આ Celebration માં આપણી જ્ઞાતિના શ્રીમતી જયોત્સનાબેન અનિલભાઈ શાહ (લણવા-અમદાવાદ) ના સુપુત્રી શ્રીમતી શ્વેતાબેન શાહે Skin-care અને Numerology નું ગૃહિણીઓને ઉપયોગી Demonstration આપ્યું. Skin-care માટે આપણે જાતે અલગ અલગ સાબુ કેવી રીતે બનાવવાનું તેમજ જુદા જુદા પરફ્યુમ્સ બનાવવાનું પણ Demonstration આપ્યું. આ ઉપરાંત જ્ઞાતિની વ્યાવસાયિક બહેનોએ વિવિધ ચીજ-વસ્તુઓના Stalls રાખેલા. જેમાં તેમણે પોતાની વસ્તુઓને ખૂબ જ સુંદર રીતે સજાવટ કરેલી. સમગ્ર હોલને ફુગ્ગાઓથી શણગારવામાં આવેલો. મહિલા મંડળના પ્રમુખ શ્રીમતી દેવલબેન શાહે તથા ઉપપ્રમુખ દિપીકાબેન શાહે શ્રીમતી શ્વેતાબેનનું બહુમાન કર્યું હતું. ત્યાર બાદ Women's Day નિમિત્તે Pink & Blu કલરના વસ્ત્રોમાં સજ્જ મહિલા મંડળના કારોબારી સભ્યો દ્વારા Cake Cutting કરવામાં આવેલું અને પછી ગરબાના તાલે સૌ બહેનોએ ભરપૂર અનેરો આનંદ માણ્યો હતો. મંત્રીશ્રી સોનલબેન શાહે તથા સહમંત્રી ટી પિન્કીબેન શાહે તથા કારોબારીના સભ્યોએ ખૂબ મહેનત કરીને આ કાર્યક્રમને ખૂબ સુંદર અને સફળ બનાવ્યો. કાર્યક્રમના અંતમાં પ્રમુખશ્રી દેવલબેને શ્રીમતી શ્વેતાબેનનો તથા ઉપસ્થિત તમામ બહેનોનો આભાર માન્યો હતો. આ Celebration નિમિત્તે મંડળ તરફથી Cake તથા અલ્પાહારની સુંદર વ્યવસ્થા કરવામાં આવી હતી.

સોનલબેન શાહ-મંત્રી ● પિન્કીબેન શાહ-સહમંત્રી



મંજુલાબેન ચીનુભાઈ શાહ, ભાલક
(ભાલક-હાલઃઅમદાવાદ)
જન્મ તા.૧૫-૦૭-૧૯૩૯ ❁ સ્વ.૦૫-૦૪-૨૦૨૪

## કણ અને ક્ષણની જેને કિંમત છે તેને મણ જેટલું સુખ મળે છે.

રાજેશકુમાર ચીનુભાઈ શાહ
હેમાબેન રાજેશકુમાર શાહ
અનાલી • રોમીલ • રીમા • રવિકુમાર
રીવા • કહાન • ક્રીયાન



# विद्या नरस्य भूषणम् ।

સંપાદકિય લેખ

અગાઉના જમાનામાં એવું કહેવાતું કે જ્યાં લક્ષ્મીનો વાસ હોય ત્યાં સરસ્વતીનો વાસ ન હોય અને જ્યાં સરસ્વતીનો વાસ હોય ત્યાં લક્ષ્મી ન હોય, પરંતુ વર્તમાનમાં એવું જોવા મળતું નથી. લક્ષ્મી અને સરસ્વતી, સંપત્તિ અને વિદ્યા બન્ને સાથે હોય છે.

પૂર્વ જન્મોના પુણ્યકર્મોને લીધે માનવીને લક્ષ્મી તેમજ સરસ્વતી બંનેની અસીમ કૃપા હોય છે તે હકીકત સ્વીકારવી પડે. એ પણ માની શકાય કે જો સરસ્વતીની કૃપા હોય અને માનવી કોઈ પણ ક્ષેત્રમાં નિષ્ણાત, વિદ્વાન હોય, સિધ્ધિ મેળવી હોય તો એ શ્રીમંત બની જ શકે છે માટે વિદ્યા પ્રાપ્તિ અતિ આવશ્યક છે. પ્રાચીન કાળમાં રાજા મહારાજાઓ પણ રાજકુમારોને શાસ્ત્રોનું જ્ઞાન તથા અસ્ત્ર-શસ્ત્ર વિદ્યામાં પારંગત કરવા ગુરુકુળમાં મોકલતા. આપણા જૈન ધર્મમાં જ્ઞાની આચાર્ય ભગવંતોએ શ્રુતજ્ઞાન દીર્ઘકાળ પર્યંત જળવાઈ રહે તે માટે અથાક્ પ્રયત્નો કરીને ગ્રંથાલયો, જ્ઞાનભંડારો બનાવેલા છે. આપણા બાળકોને વિદ્યા પ્રાપ્તિ થાય તે માટે સરસ્વતી પૂજન પણ કરાવતા હોય છે.

શું જીવનમાં આર્થિક રીતે સમૃધ્ધ હોઈએ કે થઈએ તે પછી વિદ્યા મેળવવા પ્રયાસ કરીએ તો ચાલે? તો તેનો જવાબ છે,

प्रथमे नार्जिता विद्या, द्वितीये नार्जिते धनम् । तृतीये नार्जितं पुण्यं, चतुर्थे किं करिष्यति? ॥

પ્રથમ (બ્રહ્મચર્યાશ્રમ- જન્મથી ૨૫ વર્ષ સુધી) સમયે વિદ્યા પ્રાપ્ત ન કરી, બીજા (ગૃહસ્થાશ્રમ) સમયે ધન પ્રાપ્ત ન કર્યું, તૃતીય (વાનપ્રસ્થાશ્રમ) સમયે પુણ્ય ઉપાર્જન ન કર્યું તો ચોથા (સંન્યાસ્થાશ્રમ) અર્થાત્ ઘડપણમાં (આયુષ્યના છેલ્લા તબક્કામાં) શું કરી શકાશે?

અનેક શ્લોકો દ્વારા પ્રજ્ઞાવાન વિદ્વાનોએ વિદ્યાનું મહિમાગાન કર્યું છે.

स्वदेशे पूज्यते राजा, विद्वान सर्वत्र पूज्यते ।

મનુષ્યો અને પશુ-પક્ષીઓમાં આહાર, નિદ્રા, ભય અને મૈથુન આ ચાર બાબતો સમાન હોય છે. કુદરતે માનવીને બક્ષેલું વિદ્યા તત્ત્વ તેને પશુ-પક્ષીથી અલગ પાડે છે. विद्या विहीना पशुभि: समाना: । જેમ ધન એકઠું કરવા પરિશ્રમ કરવો પડે તેમ વિદ્યા મેળવવા શું મહેનત કરવી પડે? તો તેનો જવાબ આ શ્લોક આપે છે.

सुखार्थी त्यजते विद्या, विद्यार्थी त्यजते सुखम् । सुखार्थिन: कुतो विद्या, कुतो विद्यार्थिन: सुखम् ? ॥

સુખ(આરામ)ની ઈચ્છાવાળાને વિદ્યા ક્યાંથી પ્રાપ્ત થાય? વિદ્યા-પ્રાપ્તિ માટે તો આરામ (સુખ) ત્યજવો પડે. મતલબ કષ્ટ વેઠવું પડે. સ્હેજ પણ આળસ ન ચાલે. क्षणश: कणशश्चैव विद्यामर्थं च साधयेत् । ક્ષણે ક્ષણનો ઉપયોગ કરીને વિદ્યા મેળવી લેવી જોઈએ અને તે પ્રમાણે કણ કણ એકઠા કરીને ધન પ્રાપ્ત કરી લેવું જોઈએ. વળી, પ્રાપ્ત કરેલી વિદ્યાનું વારંવાર પઠન કરવું જરૂરી છે. નહિતર अनभ्यासे विषं विद्या પુનરાવર્તન ન કરવાથી વિદ્યા વિષ સમાન થઈ જાય, મતલબ ભૂલાઈ જાય, નિરર્થક બને. વિદ્યા પાઠે ને ગરથ (ધન) ગાંઠે.

पुस्तकेषु हि विद्या, परहस्तेषु गत: धनम् । उत्पन्नेषु कालेषु न सा विद्या न तत् धनम् ॥

જેમ પારકાના હાથમાં ગયેલું આપણું ધન, ખરા સમયે આપણને ખપ (કામ) ન લાગે તેમ પુસ્તકોમાં રહેલી વિદ્યા પણ કામ ન લાગે. કોઈ કવિએ વિદ્યાને કલ્પવૃક્ષની લતા સાથે સરખાવતાં કેવી અદ્ભૂત વાત કરી છે!

मातेव रक्षति पितेव हिते नियुक्ते । कान्तेव चापि रमयत्यपनीय खेदम् । लक्ष्मीं तनोति वितनोति च दिक्षु कीर्तिं, किं किं न साधयति कल्पलतेव विद्या? ॥

વિદ્યા માતાની જેમ રક્ષા કરે છે; પિતાની જેમ હિતમાં જોડે છે; સુંદર સ્ત્રીની જેમ ખેદને દૂર કરીને આનંદ આપે છે.; લક્ષ્મીની વૃધ્ધિ કરે છે; દિશાઓમાં કીર્તિ ફેલાવે છે. આ રીતે વિદ્યા કલ્પવૃક્ષની લતાની જેમ શું શું સાધી આપતી નથી? (બધું જ આપે છે.)

સામાન્ય રીતે સંસારી લોકો એવું માને છે કે આર્થિક સધ્ધરતા હોય તો જ આપણે સુખી કહેવાઈએ કે થઈએ, પરંતુ વાસ્તવમાં તો આ શ્લોક દ્વારા સુખ- પ્રાપ્તિનાં સોપાનો ક્રમવાર સમજાવ્યા છે કે,

विद्या ददाति विनयं विनयाद्याति पात्रताम् । पात्रत्वात् धनमाप्नोति, धनात् धर्मं तत: सुखम् ॥

વિદ્યા વિનય આપે છે, વિનયથી પાત્રતા (લાયકાત) મળે છે, પાત્રતાથી ધન અને ધનથી ધર્મ અને પછી સુખ પ્રાપ્ત થાય છે. માટે આપણે આ સર્વ ધનમાં પ્રધાન એવી વિદ્યા પ્રાપ્ત કરી લેવી જોઈએ. विद्या धनं सर्व धनम् प्रधानम् ।

આપણે આ સુવાક્ય તો શૈક્ષણિક સંસ્થામાં વાંચ્યું જ છે કે विद्या विनयेन शोभते । જેમાં વૃક્ષમાં વધુ ફળ લાગવાથી તે નીચું નમે છે તેમ વિદ્યા મેળવેલ વ્યક્તિ નમ્ર, સુશીલ, વિવેકી હોવો જરૂરી છે. વિદ્યાનું અભિમાન ન રખાય. વાતચીતમાં, વ્યવહારમાં તે સભ્યતા, શિષ્ટાચાર રાખે. ભણતરની સાથે ગણતર પણ આવશ્યક છે. માત્ર વિદ્યા શાખાની ડિગ્રીઓ મેળવી લીધી હોય પણ તે વ્યક્તિ જો સંસ્કારી, સદાચારી, વિનયી ન હોય તો તેનું જીવન વ્યર્થ સમજવું.

વિજ્ઞાન અને ટેકનોલોજીના આ વર્તમાન યુગમાં ડિગ્રીની સાથે સ્કીલ (કૌશલ્ય), આવડત પણ અત્યંત આવશ્યક છે તો જ પ્રગતિ સાધી શકાશે.

**બકુભાઈ સી. ગાંધી (સમોડા) - સંપાદક • રમેશભાઈ સી. (કમાણા) - સહ સંપાદક**

## ધાર્મિક સમાચાર

ઉનાવા નગરે ફાગણ સુદ ૩ ને તા.૨૦.૦૨.૨૬ ના રોજ શ્રી ભીડભંજન પાર્શ્વનાથ જિનાલય ની વર્ષગાંઠ ની ઉજવણી ધામધૂમથી થઇ. ઉનાવા તીર્થ મુકામે શ્રી શેત્રુંજય ગિરિરાજ પહાડ રચના, શ્રી નવકાર પટ તથા શ્રી આગમ તીર્થ મંદિર નિર્માણાધીન છે

શ્રી મીની શેત્રુંજય તિર્થાધિરાજ ની છ ગાઉ ની પરિક્રમા ફાગણ સુદ ૧૩ ને તા. ૧.૦૩.૨૬ ના રોજ ભવ્યાતિભવ્ય રીતે ઉજવણી સંપન્ન થઈ. પરિક્રમા બાદ પાલભક્તિ નું સુંદર આયોજન શ્રી ઉનાવા જૈન સંઘે રાખેલ.

પ્રેરણા દાતા પ.પૂ.પન્યાસ શ્રી અભયસાગરજી મ.સા. ના શિષ્યરત્ન પ.પૂ.પન્યાસશ્રી નિરૂપમસાગરજી મ.સા.

પાલના લાભાર્થી ડો.મનહરભાઇ - નીલાબેન શાહ (મહેસાણા) શ્રી અંબાલાલ વીરચંદભાઈ પરિવાર

લાડવા સેવ ની ભાતી ના લાભાર્થી પરિવાર અ.સૌ શાંતાબેન નરોત્તમદાસ શાહ ઉપરોક્ત ભૂમિના દાતા ઉદારદિલ શ્રી ઉતમલાલ જગજીવનદાસ મુળચંદદાસ શાહ પરિવાર સં.૨૦૧૫ થી લાડવા- સેવ ની પ્રભાવનાના લાભાર્થી રહ્યા છે

અંદાજે કુલ ૭૨૫ યાત્રાળુઓએ શ્રી શેત્રુંજય મહાતીર્થ ની જાત્રા કરેલ અને પાલ નો ઉત્સાહભેર લાભ લીધો જેમાં થેપલા, દહીં, ડ્રાયફ્રૂટહલવો, ભેલ, લાડવા, સેવ, ચા વગેરેનો લાભ લઇ સૌ સંતુષ્ઠ થયા.

---

સ્વ.શ્રી પોપટલાલ વાડીલાલ શાહ (ભાલક) ના સુપુત્ર શ્રી જશવંતભાઈ પી. શાહે તારીખ ૧ લી માર્ચ-૨૦૨૬, ફાગણ સુદ-૧૩ ના રોજ ધર્મરસિક વાટિકા, વાસણા ખાતે તેમનો જન્મ દિવસ અનોખી રીતે ઉજવ્યો. ફાગણ સુદ-૧૩ ના દિવસે શાશ્વત તિર્થ શ્રી સિધ્ધાચલની છ ગાઉની પ્રદક્ષિણા થાય છે. વળી તા. ૪ થી માર્ચે તેમના સહધર્મચારિણી અ.સૌ.ગુણવંતીબેન સાથેના તેમના લગ્ન જીવનના ૫૦ વર્ષ (સુવર્ણ જયંતિ) પૂર્ણ થતા હતા. આ બંને પ્રસંગોને અનુલક્ષીને અમદાવાદ જ્ઞાતિમંડળના પૂર્વ પ્રમુખ અને પૂર્વ મેને.ટ્રસ્ટીશ્રી જશવંતભાઈએ તેમના સગા-સંબંધી, સ્નેહીજનો, શુભેચ્છકો, જ્ઞાતિના આગેવાનો, ભાલક જૈન સંઘના અગ્રણીઓ તેમજ ભગવાનનગર ના મિત્રમંડળ ના અગ્રણીઓની હાજરીમાં શ્રી શત્રુંજયની ભાવયાત્રાનું સુંદર આોજન કરાવેલું. સંગીતકારે ભક્તિગીતોની રમઝટ બોલાવીને સૌ આમંત્રિતોને ભક્તિરસમાં તરબોળ કરેલા. આ માંગલિક પ્રસંગના અંતે સર્વ આમંત્રિતો માટે જમણવાર રાખેલો તથા સૌને પ્રભાવના કરેલી. અમદાવાદ જ્ઞાતિમંડળ શ્રી જશવંતભાઇના પરિવારની ભૂરી ભૂરી અનુમોદના કરે છે.

## લગ્ન ઈચ્છુકનો બાયોડેટા ફોટો સાથે વિનામૂલ્યે પ્રગટ કરવામાં આવશે.





**સુસ્પષ્ટ અક્ષરે લખાણ હોવું જરૂરી છે.**

## બદલાયેલા સરનામા તેમજ આજીવન સભ્યપદ

### પૂણે

**ગુણવંતભાઈ ચંદુલાલ શાહ............................(સવાળા)**
H 2/A/902, કુમાર પૃથ્વી સોસાયટી,કરીમનગર, કોન્ધવા,
પુણે-૪૧૧૦૪૮. મો. ૯૭૬૭૦ ૨૬૬૯૬

### આજીવન સભ્યપદ ની યાદી

**સુનિલકુમાર મથુરભાઈ શાહ ..........................(ઉનાવા)**
ધર્મરસિક વાટિકા ક્વાર્ટર્સ, વાસણા,અમદાવાદ-૩૮૦ ૦૦૭.
મો. ૮૮૬૬૦ ૫૫૩૭૬

### મહિલા સભ્ય ની યાદી

**લીનાબેન શૈલેશભાઈ શાહ ........................(દાણોદરડા)**
૧૦૧,૧૦૨, આદિત્ય ફ્લેટ, સમર્પણ ટાવર સામે,
સી.જી.રોડ, અમદાવાદ-૩૮૦ ૦૦૭ મો.૭૪૩૪૮ ૩૦૮૦૭

**અનીતાબેન પાર્વભાઈ શાહ .......................(દાણોદરડા)**
૧૦૧,૧૦૨, આદિત્ય ફ્લેટ, સમર્પણ ટાવર સામે,
સી.જી.રોડ, અમદાવાદ-૩૮૦ ૦૦૭ મો.૭૬૦૦૬ ૫૦૫૬૧

**શૈલવીબેન સ્મિતભાઈ શાહ ........................(દાણોદરડા)**
૧૦૧,૧૦૨, આદિત્ય ફ્લેટ, સમર્પણ ટાવર સામે,
સી.જી.રોડ, અમદાવાદ-૩૮૦ ૦૦૭ મો.૯૫૩૭૪ ૩૦૯૧૦

**ભુમિકાબેન વત્સલભાઈ શાહ ....................(બોરીયાવી)**
બી, ૭૦૪, સ્પર્શ એરાઇઝ, વાસણા કોમ્યુનિટી હોલ સામે,
વાસણા, અમદાવાદ-૩૮૦ ૦૦૭ મો.૯૪૨૮૬ ૩૨૯૫૫

**નિરૂપાબેન કલ્પેશભાઈ શાહ ......................(બોરીયાવી)**
એફ/૫૦૪, સારંશ એમ્બીયન્સ, પૂજન ફ્લેટ ની સામે,
વાસણા, અમદાવાદ-૩૮૦ ૦૦૭ મો.૮૦૯૭૬ ૩૯૭૭૭

**કિંજલબેન વિશાલકુમાર શાહ ..........................(મણુંદ)**
૪૦૪, આસ્થા એપાર્ટમેન્ટ, સંજીવની હોસ્પિટલ સામે,
વાસણા , અમદાવાદ-૩૮૦ ૦૦૭. મો.૭૦૧૬૮ ૧૩૧૪૦

**હેતલબેન નિહિરકુમાર શાહ ..........................(લણવા)**
૩૦૪. શ્યામ રેસિડન્સી, ધનંજય ટાવર પાછળ,
સેટેલાઇટ, અમદાવાદ-૩૮૦ ૦૧૫ મો.૯૪૨૮૪ ૧૧૪૦૭

**અલ્પનાબેન મીતેશકુમાર શાહ .......................(લણવા)**
૩૦૪. શ્યામ રેસિડન્સી, ધનંજય ટાવર પાછળ,
સેટેલાઇટ, અમદાવાદ-૩૮૦ ૦૧૫ મો.૯૪૨૬૫ ૯૫૮૭૩


## પરિવાર પત્રિકા

### જાહેરાતના ભાવ

- ટાઇટલ-૪ (છેલ્લું પેઇજ).................................રૂા.૪૦૦૦/-
- ટાઇટલ-૩ (છેલ્લેથી અંદરનું પેઇજ).........................રૂા.૩૫૦૦/-
- (ટાઇટલ ૩ અને ૪ આર્ટપેપરમાં છપાશે)
- ઓર્ડીનરી એક પેઇજ........................................રૂા.૩૦૦૦/-
- ઓર્ડીનરી અડધું પેઇજ.....................................રૂા.૨૦૦૦/-
- ઓર્ડીનરી પા પેઇજ........................................રૂા.૧૫૦૦/-
- ફક્ત કોમર્શીયલ જાહેરાત 6cm x 9 cm......................રૂા.૬૦૦/-
- જન્મદિનની વધામણીની શુભેચ્છા જાહેરાત....................રૂા.૨૫૦/-
- સરનામા ફોન નંબરમાં ફેરફારની જાહેરાત.....................રૂા.૧૦૦/-

A/c Name : Shri Mehsana Prant Jain Dasha Shrimali Gnyati Mandal, Ahmedabad.
Bank : State Bank of India, Vasna, Ahmedabad.
A/c No. : 32075835516 ● IFSC : SBIN0002684

## સમાજના સભ્ય પરિવારના જન્મ દિવસ પર શુભેચ્છા

**દશે દિશાઓમાંથી દરેકને મન ઇચ્છિત ફળ પ્રાપ્ત થાય તેવી પ્રાર્થના...**



**પહલ સચિનભાઈ રાજેન્દ્રભાઈ શાહ**
ગામ : મોટેરા હાલ : Brisbane ,Australia
મોબાઈલ : +૬૧ ૪૪૪ ૫૯૪ ૧૮૭
જન્મ તારીખ : ૧ લી એપ્રિલ



**કુશાલી પ્રતિકકુમાર શાહ**
ગામ : બોરીઆવી હાલ : અમદાવાદ
મોબાઈલ : + ૯૧ ૯૯૭૮૯૦૨૮૯૬
જન્મ તારીખ : ૧૨ મી એપ્રિલ



**ભાવિન હરેશકુમાર શાહ**
ગામ : ભાલક હાલ : અમદાવાદ
મોબાઈલ : +૯૧ ૯૮૨૫૦૧૦૬૫૮
જન્મ તારીખ : ૧૪ એપ્રિલ



**ચિરાગભાઈ પ્રવિણચંદ્ર શાહ**
ગામ : તરભ હાલ : અમદાવાદ
મોબાઈલ : + ૯૧ ૯૯૨૪૩ ૦૪૦૧૩
જન્મ તારીખ : ૧૭ એપ્રિલ



**આરવ પ્રતિકકુમાર શાહ**
ગામ : બોરીઆવી હાલ : અમદાવાદ
મોબાઈલ : +૯૧ ૯૪૨૭૭૦૨૮૯૬
જન્મ તારીખ : ૨૮ મી એપ્રિલ



**અશ્વિનભાઈ રસિકલાલ શાહ**
ગામ : ગાંભુ હાલ : અમદાવાદ
મોબાઈલ : +૯૧ ૬૩૫૨૭૨૧૮૭૪
જન્મ તારીખ : ૩૦ મી એપ્રિલ

### સમાજના સભ્ય પરિવારના લગ્નદિવસ પર શુભેચ્છા



**બિન્દ્રાબેન સચિનભાઈ શાહ**
અને
**સચિનભાઈ રાજેન્દ્રભાઈ શાહ**
લગ્ન તારીખ : ૨૪ એપ્રિલ

મોબાઈલ : +૬૧ ૪૫૨ ૩૪૦ ૭૫૬
ગામ : (મોટેરા) Brisbane, Australia

### સમાજના સભ્ય પરિવારના લગ્નદિવસ પર શુભેચ્છા



**શ્વેતાબેન શાલીનભાઈ શાહ**
અને
**શાલીનભાઈ હરેશકુમાર શાહ**
લગ્ન તારીખ : ૨૫ એપ્રિલ

મોબાઈલ : +૯૧ ૯૩૨૭૫૫૯૦૪૨, +૯૧ ૯૪૨૮૦૪૬૫૨
ગામ : ભાલક, અમદાવાદ

### જિંદગીના ૬ નિયમ હંમેશા યાદ રાખજો.

૧) જ્યારે એકલા હોવ ત્યારે વિચારો પર સંયમ રાખો
૨) જ્યારે મિત્રો સાથે હોવ ત્યારે જીભ પર સંયમ રાખો
૩) જ્યારે ગુસ્સામાં હોવ ત્યારે નિર્ણય પર સંયમ રાખો
૪) જ્યારે ગ્રુપમાં બેઠા હોવ ત્યારે વ્યવહાર પર ધ્યાન રાખો
૫) જ્યારે કોઈ વખાણ કરે ત્યારે ઘમંડ સંયમમાં રાખો
૬) જ્યારે કોઈ તમારા વિશે ખોટું કહે ત્યારે લાગણીને કંટ્રોલમાં રાખો



## સાધર્મિક વાત્સલ્ય ફંડ ક્ષેત્રે...દાન-ભેટ-ફંડ

રૂા.૫૦૦૦/-

મહિલા મંડળનાં સહમંત્રી શ્રીમતી પિન્કીબેન સંદીપભાઈ શશીકાંતભાઈ શાહ (ઉનાવા- અમદાવાદ) ની સુપુત્રી ચિ. પ્રેક્ષાનાં શ્રીમતી પ્રીતિબેન હેતલભાઈના સુપુત્ર ચિ.રોહન સાથેના તા. ૨૦-૦૨-૨૦૨૬ ના રોજના લગ્ન પ્રસંગે શ્રીમતી રસીલાબેન શશીકાંતભાઈ શાહ પરિવાર તરફથી જ્ઞાતિ મંડળને રૂ.૫૦૦૦/- સાધાર્મિક વાત્સલ્ય ફંડ ખાતે મળેલ છે આ શુભેચ્છા દાન બદલ મંડળ ખૂબ ખૂબ આભાર સહ નવદંપતિને આશીર્વાદ પાઠવે છે.

## સાધર્મિક વાત્સલ્ય યોજના

દાતા શ્રીમતી વર્ષાબેન દિલીપભાઈ શાહ (ભાલક), શ્રી મુકેશભાઈ સુરેશચંદ્ર ગાંધી (રણુંજ) અને મંગુબેન ચંદુલાલ શાહ (વડાવલી) ના દાનથી મંડળે શરૂ કરેલી સાધર્મિક વાત્સલ્ય યોજના અંતર્ગત વર્ષ- ૨૦૨૬ ના પ્રથમ રાઉન્ડમાં લાભ મેળવવા ઈચ્છતા જ્ઞાતિબંધુઓએ

તા. ૦૫-૦૪-૨૦૨૬ થી જ્ઞાતિ મંડળના હોલ પરથી અથવા
હેલ્પલાઈન મોબાઈલ નંબર: +૯૧ ૭૦૪૬૬૦૨૩૭૫
પર મેસેજ કરીને PDF નકલમાં ફોર્મ મેળવવા વિનંતી છે.

આ ફોર્મ ભરીને તા. ૨૫-૦૪-૨૦૨૬ સુધીમાં ભરીને જ્ઞાતિ મંડળના હોલ પર પહોંચાડવા અથવા હેલ્પલાઈન મોબાઈલ નંબર પર અરજીનો ફોટો મોકલી આપવા વિનંતી છે.

ફોર્મ મેળવવા કે જમા કરાવવા જ્ઞાતિ મંડળના હોલ પર રૂબરૂ આવવું જરૂરી નથી.

જ્ઞાતિના કોઈ પરિવાર હજુ પણ આ યોજનાના લાભથી વંચિત ના રહી જાય અને અદ્યતન માહિતી ઉપલબ્ધ રહે તે માટે વર્ષમાં એક વખત આ માહિતી ફોર્મ ભરાવવાનું આયોજન કરવામાં આવેલ છે.

### શેઠ સી. એન. વિદ્યાલય, અમદાવાદમાં હોસ્ટેલ અને શાળામાં એડમિશન માટે અગત્યની જાહેરાત :-

ગુજરાત રાજ્યમાં શૈક્ષણિક ક્ષેત્રે વર્ષોથી નામના ધરાવનાર શેઠ સી. એન. વિદ્યાલય, આંબાવાડી, અમદાવાદમાં ધોરણ- ૬ થી ૧૨ માં કન્યા /કુમાર છાત્રાલયમાં તથા શાળા (ગુજરાતી મિડીયમ) માં એડમિશન મેળવવા માંગતા તમામ જ્ઞાતિબંધુઓ કે, જેઓ અમદાવાદ શહેરની બહાર રહે છે અને ગુજરાતમાં અન્ય શહેર / ગ્રામ્ય વિસ્તારમાં વસવાટ કરે છે અને તેમના બાળકોને અમદાવાદ શહેરમાં સારી શાળામાં અભ્યાસ કરાવવા માંગે છે તથા સાથોસાથ હોસ્ટેલમાં રાખવા માંગે છે તેમણે શ્રી વિજયભાઈ શાહ ( બોરીઆવી- અમદાવાદ ) નો મોબાઈલ નંબર : +૯૧૯૯૯૮૬૦૨૮૯૬ પર તા. ૧૫-૦૪-૨૦૨૬ સુધી સંપર્ક કરવા વિનંતી છે. ધોરણ-૬ થી ૮ માટે વાર્ષિક ખર્ચ રૂ. ૭૦,૦૦૦/- આસપાસ, ધોરણ-૯ અને ૧૦ માટે વાર્ષિક ખર્ચ રૂ. ૪૭,૦૦૦/- આસપાસ અને ધોરણ-૧૧ અને ૧૨ માટે વાર્ષિક ખર્ચ રૂ. ૫૦,૦૦૦/- આસપાસ થાય છે. શાળામાં અંગ્રેજી ખાસ વર્ગ, નબળા વિદ્યાર્થીને ખાસ ટ્યુશન, ધાર્મિક શિક્ષણ, ઈતર પ્રવૃત્તિઓના ખર્ચનો સમાવેશ થઈ જાય છે. વિદ્યાર્થી અભ્યાસ પુર્ણ કરે ત્યાં સુધીની શાળા ફી, હોસ્ટેલ ખર્ચ તથા ઈતર પ્રવૃત્તિઓ સહિતના ખર્ચની રકમ દાતાશ્રી દ્વારા ચુકવવાની વ્યવસ્થા કરવામાં આવી છે.

જ્ઞાતિબંધુનું નામ ગોપનીય (ગુપ્ત) રાખવામાં આવશે.

## ભાવભરી શ્રધ્ધાંજલિ



### સ્વ. વિભાબેન યોગેશભાઈ ઉત્તમચંદ શાહ

જન્મ તા. ૧૬/૧/૧૯૬૩ - સ્વ.તા. ૧૫/૩/૨૦૨૬
ગામ - મણુંદ - હાલ : પુના

નથી હયાત તમે પણ સાથે હોય એવું લાગ્યા કરે છે,
હરપળ હાજરીનો આભાસ થયા કરે છે.
ક્યારેક કહેવાયેલ વાતોના ભણકારા વાગ્યા કરે છે,
યાદોમાં તમારા પ્રત્યક્ષ દર્શન થયા કરે છે.
તમારું હસતું મુખ, મીઠો સ્વભાવ અને અનંત પ્રેમ
હંમેશા અમારી યાદોમાં જીવંત રહેશે.
તમારી દરેક પળ અમૂલ્ય હતી અને રહેશે.
આજીવન તમે જે પ્રેમ અને સંસ્કાર આપ્યા તે
અમારુ માર્ગદર્શન બનશે.
પ્રભુ આપના દિવ્ય આત્માને શાંતિ અર્પે એજ પ્રાર્થના

સ્વ. ઊત્તમચંદ ભીખાચંદ શાહ
સ્વ. સુભદ્રાબેન ઊત્તમચંદ શાહ.

શ્રી દીલીપભાઈ ઊત્તમચંદ શાહ.
અ. સૌ. અરૂણાબેન દીલીપભાઈ શાહ.
શ્રી નિલેશભાઈ દીલીપ ભાઈ શાહ
અ. સૌ. રાનીબેન નિલેશભાઈ શાહ
શ્રી રીતેશભાઈ દિલીપભાઈ શાહ
અ.સૌ. પૂનમબેન રીતેશભાઈ શાહ
કુમાર લવ્યાંશ, કુમાર ક્રિષ્ના
અ. સૌ. મયૂરીબેન ગણેશભાઈ શાહ

શ્રી યોગેશભાઈ ઊત્તમચંદ શાહ.
સ્વ. વિવેકભાઈ યોગેશભાઈ શાહ

શ્રી તનેશભાઈ ઊત્તમચંદ શાહ
અ. સૌ. કુંદાબેન તનેશભાઈ શાહ.
શ્રી અક્ષયભાઈ તનેશભાઈ શાહ.
અ. સૌ. સોનાલીબેન અક્ષયભાઈ શાહ
કુમારી કાજોલબેન તનેશભાઈ શાહ
કુમારી રાહી અક્ષયભાઈ શાહ

**પિયર પક્ષ**

સ્વ. મહેન્દ્રભાઈ રતિલાલ શાહ
શ્રીમતી શારદાબેન મહેન્દ્રભાઈ શાહ
સ્વ. નટવરલાલ સ્વરૂપચંદ શાહ
સ્વ. દેવયાનીબેન નટવરલાલ શાહ
શ્રી અભયભાઈ રતિલાલ શાહ
અ.સૌ.જ્યોત્સનાબેન અભય ભાઈ શાહ

**નિવાસ સ્થાન**

શ્રી તનેશભાઈ ઊત્તમચંદ શાહ
બી-૨૮, સિલ્વર ક્લાસિક કોન્ડોમિનિયમ, SRPF રોડ,જગતાપ ચોક,
વાનવડી, પૂના ૪૧૧૦૪૦. મો.: ૯૮૨૨૧ ૯૧૦૫૪

# શ્રી મહેસાણા જીલ્લા જૈન દશા શ્રીમાળી સુડતાળીસ જ્ઞાતિ મંડળ
## વડોદરા

C/o કલ્પતરૂ એજન્સીઝ,
૬ પોસ્ટઓફીસ બિલ્ડીંગ,
કલ્યાણ હોટલની બાજુમાં,
સયાજીગંજ,
વડોદરા – ૩૯૦ ૦૦૫.
મો. : ૯૯૯૮૨૧૫૫૩૭

| ભરત સોમચંદભાઈ શાહ | અમીત મુકેશભાઈ શાહ | પંકજ અમૃતલાલ શાહ |
|---|---|---|
| પ્રમુખ (સંડેર) | ઉપ પ્રમુખ (ઉનાવા) | મંત્રી (મોટપ) |
| ૯૮૨૪૩૨૩૦૨૬ | ૯૮૨૪૬૧૪૪૪૪ | ૯૯૨૫૨૨૯૩૯૪ |

તારીખ : ૦૧.૦૩.૨૦૨૬

પ્રિય જ્ઞાતિજન,

વડોદરા જ્ઞાતિ મંડળ ઈ.સ.૨૦૨૬ ના ઊગતા પ્રભાતે એક વિશિષ્ટહેતુ માટે આપ સૌને આ પત્રપુષ્પ પાઠવતા આનંદની લાગણી અનુભવે છે. આ આનંદ સમગ્ર જ્ઞાતિના હિતમાં, સમૂહના કલ્યાણ અર્થે જ્ઞાતિના આગવા **વસ્તીપત્રક** પ્રકાશનનો છે.

આપ સૌ વિદિત છો કે વડોદરા મંડળ હરહંમેશ સમગ્ર જ્ઞાતિની એકતા અને અખંડિતતા માટે અવનવા Projects હાથ ધરતું રહ્યું છે. લગભગ દાયકા ઉપરાંતના સમયના અંતરાલે વડોદરા મંડળ પુનઃ જ્ઞાતિના વસ્તીપત્રક ની પંચમ આવૃત્તિનું પ્રકાશન કરવા જઈ રહ્યું છે ત્યારે આપ સૌ જ્ઞાતિજનોના સાથ અને સહકારની આશા રાખે એ સ્વાભાવિક છે.

વર્તમાનમાં એક સમૂહ એવું ઈચ્છે છે કે જ્યારે આપણી જ્ઞાતિ સંકોચાઈ રહી છે ત્યારે એકબીજાને જાણવા, સમજવા તેમજ સંપર્ક માટે વસ્તીપત્રકની તાતી જરૂરિયાત છે જ્યારે generation z નો સૂર એવો પણ છે કે digital media ના સમયમાં વસ્તીપત્રક કેટલું લાભદાઈ છે. ખેર, આપણે આ બંને વિચારધારાને સમાન સ્તરે સંવેદવા જઈ રહ્યા છીએ.

જે પરિવારને છપાયેલ વસ્તીપત્રક ની જરૂરિયાત છે તેઓને book form માં વસ્તીપત્રક ઉપલબ્ધ થશે જ્યારે જેઓને digital formમાં જોઈએ તેમને તે પ્રમાણે digital form માં આપવામાં આવશે.

**આ સાથે જોડેલ ફોર્મ માં બંને ઓપ્શન આપ્યા છે. તમારી જરૂરિયાત મુજબ ✓ કરશો. જેઓએ કોઈપણ ઓપ્શનમાં ✓નહીં કરી હોય તેઓને PDF ફોમમાં વસ્તીપત્રક આપવામાં આવશે. પરિવાર દીઠ એક વસ્તીપત્રક આપવામાં આવશે.**

Digital Media સુલભ હોવા છતાં કમસે કમ જ્ઞાતિની બહોળી સંખ્યા એનો અસરકારક ઉપયોગ નથી કરી રહી એવું અનુભવાઈ રહ્યું છે. ભૂતકાળમાં અમદાવાદ મંડળ દ્વારા મહા મહેનતે આપણી જ્ઞાતિનું વસ્તીપત્રક website બનાવી મુકવામાં આવેલ. સૌ જ્ઞાતિજનોને એમાં જોડાવવા તથા જરૂરી સુધારા વધારા કરવા આમંત્રણ આપેલ. વિવિધ યોજનાઓ પણ વિચારવામાં આવેલ એમાં ઘણા પ્રયત્નો પણ થયા પણ આપણી સૌની જાગૃતિના અભાવે આપણે જોઈએ એવી સફળતા ના પામી શક્યા એનો રંજ છે.

છપાયેલ વસ્તીપત્રક હાથવગું હોવાથી વડીલો જોઈતી માહિતી સહેલાઈથી મેળવી શકે છે અને વિશેષ માહિતી અંગે પરિવાર સાથે ચર્ચા પણ કરી શકે છે. અમને પૂરેપૂરી શ્રદ્ધા છે કે આ પ્રકાશનના માધ્યમથી આપણે પુનઃ જ્ઞાતિજનોની છેલ્લામાં છેલ્લી માહિતીથી વાકેફ થઈશું અને જ્ઞાતિના વિકાસ, ચિંતન અને નવા પરિમાણો અને પરિણામો અંગે વિચારીશું.

**આ વસ્તીપત્રક પ્રકાશનનો સંપૂણ આર્થિક ભાર શ્રી મુકેશભાઈ જમનાદાસ શાહ પરિવાર(ઉનાવા) દ્વારા ઉઠાવવામાં આવી રહ્યો છે એની આપણે સૌએ અનુમોદના કરવી રહી.**

આ સાથે વસ્તી પત્રકની માહિતી અંગેનું ફોર્મ મોકલી રહ્યા છીએ જે **તા. ૩૧–૦૩–૨૦૨૬** સુધીમાં સંપૂર્ણ રીતે ભરીને અમને પરત મોકલશો. **જેઓ નિર્ધારિત સમયગાળામાં ભરેલું ફોર્મ પરત નહી કરે તેઓના નામ અને વિગત આગળના વસ્તીપત્રકમાંથી લઈ લેવામાં આવશે.** આ સાથે અમારા સરનામાવાળુ કવર પણ મોકલી રહ્યા છીએ જેથી ભરેલું ફોર્મ પરત કરવામાં સરળતા રહે. સૌને મળેલ ફોર્મને યોગ્ય રીતે ભરીને સત્વરે અમને પરત કરશો એવી નમ્ર વિનંતી. આ કાર્ય સમગ્ર જ્ઞાતિના હિતનું છે અને આપણે જ એને સુપેરે નિભાવવાનું છે એવી દઢ લાગણી અને શ્રદ્ધા સાથે આપ પણ અમને સહકાર આપશો એવી પુનઃ વિનંતી સહ,

સહૃદયી
**ભરત સોમચંદભાઈ શાહ (સંડેર)**
પ્રમુખ

દાન એ માત્ર સંપત્તિ આપવું નથી, એ હૃદયની ઉદારતા છે.

# શ્રી મહેસાણા જીલ્લા જૈન દશા શ્રીમાળી સુડતાળીસ જ્ઞાતિ મંડળ, વડોદરા

C/o કલ્પતરૂ એજન્સીઝ, ૬ પોસ્ટઓફીસ બિલ્ડીંગ, કલ્યાણ હોટલની બાજુમાં, સયાજીગંજ, વડોદરા – ૩૯૦ ૦૦૫. મો. : ૯૯૯૮૨૧૬૫૩૭

ફોર્મ નં:

**વસ્તીપત્રક ફોર્મ**

આપના રહેઠાણનું પુરૂ સરનામું :

શહેર : Pincode

વસ્તી પત્રક આપને કયા ફોર્મમાં જોઈએ તે ટીક (✓)કરશો

| | |
|---|---|
| PDF | |
| Book | |

આપનું મૂળ ગામ

આપનો Mobile No.

આપનો E-mail ID

| અનુ. નંબર | કુટુંબના સભ્યોના નામ (કુટુંબના મુખ્ય વ્યક્તિનું નામ પહેલા લખવું) | વડીલ સાથેનો સંબંધ | પરિણીત અપરિણીત | DoB / જન્મ તારીખ | Age / ઉંમર | Education / અભ્યાસ | Mobile No. / Blood Group | વ્યવસાયનું સરનામુ તથા મોબાઈલ નંબર | કયા ગામે, કોને ત્યાં પરિણિત |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | D D M M / Y Y Y Y | | | Blood Group | | |
| | | | | D D M M / Y Y Y Y | | | Blood Group | | |
| | | | | D D M M / Y Y Y Y | | | Blood Group | | |
| | | | | D D M M / Y Y Y Y | | | Blood Group | | |
| | | | | D D M M / Y Y Y Y | | | Blood Group | | |
| | | | | D D M M / Y Y Y Y | | | Blood Group | | |
| | | | | D D M M / Y Y Y Y | | | Blood Group | | |
| | | | | D D M M / Y Y Y Y | | | Blood Group | | |

**અગત્યની સૂચના**

૧. ફોર્મ વિગતવાર વાંચી લેવુ અને સુંદર અને સુવાચ્ય અક્ષરે ભરવું.
૨. દરેક કોલમ અવશ્ય ભરવા. આપનુ મુળ ગામ લખવાનું ભુલશો નહીં.
૩. જરૂર પડે ફોર્મની પાછળ વિગત લખવી. ફોર્મના ઝેરોક્ષનો ઉપયોગ પણ કરી શકાશે
૪. જો કોઈ વિધવા બહેન હોય તો તેમના નામ સામે કયા ગામે કોને ત્યાં પરિણિત અવશ્ય લખવું.
૪. ફોર્મમાં જન્મ તારીખ, ઉંમર, અભ્યાસ, ફોન નંબર, મોબાઈલ નંબર, બ્લડ ગ્રુપ તથા ઈ-મેઈલ અંગ્રેજીમાં લખવાનો આગ્રહ રાખશો.
૫. વિગતવાર ભરેલ ફોર્મ અને મોકલેલ એડ્રેસવાળા સરનામે તા. ૨૫.૦૩.૨૦૨૬ સુધીમાં અચુક પરત મોકલશો.
૬. વસ્તીપત્રક અંગેની કોઈપણ જાણકારી માટે મહેન્દ્ર શાહ (મોટપ) ૯૯૯૮૨ ૧૬૫૩૭ સંપર્ક કરવો.

કુટુંબના મુખ્ય વ્યક્તિની સહી

ચાલો આપણે સૌ સાથે મળીને સમાજને સંગઠીત બનાવીએ

# "દિવાળી" – સિક્કા ની બીજી બાજુ

મહદ અંશે જ્યારે સિક્કા ની બીજી બાજુ બોલાય, એટલે મનમાં તરતજ એક બાજુ સારી અને બીજી બાજુ નરસી એવો ભાવ પેદા થાય. પરંતુ અહિયાં મારે વાત કરવી છે તે દિવાળી ના પારિવારિક માહાત્મ્ય ની. સિક્કા ની એક બાજુ કે જે અનુસાર સનાતન હિન્દુ ધર્મની રીતે ઉજવાતી દિવાળીનું પૌરાણિક માહાત્મ્ય તો છે જ. પણ મારે તો વાત કરવી છે સિક્કા ની બીજી બાજુ કે જેમાં દિવાળીનું પારિવારિક માહાત્મ્ય સમાયેલું છે. આજની તેમજ આવનારી નવી પેઢી ને મારે તેનાથી ઉજાગર કરવા છે. મારે અહીં અમારા જમાનાની કે તમારા જમાનાની વાત નથી કરવી, પરંતુ તેના પારિવારિક માહાત્મ્ય ને સમજવા માટે થોડાક વર્ષો ની ફ્લેશ બેકમાં તો ચોક્કસ જવું પડશે."શરદ પૂનમ ની અજવાળી રાત વીતે એટલે બીજા દિવસથી અંધકાર તરફ સરકતા વદ ના દિવસો શરૂ થાય અને આનંદભેર દિવાળી ના દિવસો ની ગણતરી ની શરૂઆત.

### "સાફ સફાઈ"

શરદ પૂનમ જતાં ની સાથે જ કેટલાંક પરિવારમાં ઘરની સાફ સફાઈ શરૂ થઈ જાય તો કેટલાંક પરિવારમાં ત્યારબાદ થોડાક દિવસો પછી. બસ આજ પ્રસંગથી સમૂહ જીવનની શરૂઆત. નાના-મોટા સૌ સાથે મળીને ઘરની સાફ સફાઈ કરે. આ સાફ સફાઈ નો મૂળ ઉદ્દેશ તો ઘરનો ખૂણે ખૂણો સાફ કરીને જરૂરિયાત વગરની કે ઓછી જરૂરની વસ્તુઓ ને ઘરમાંથી દૂર કરવી. અને આપણાં માટે જે બીન જરૂરી છે તે કદાચ કોઈ અન્ય કુટુંબ માટે ખુબજ જરૂરી હોઈ શકે તો તેને દાન કરવી. આવા સમયે બીજું પણ એ ખરું કે ઘણા લાંબા સમયથી કોરાણે મુકાય ગએલી વસ્તુ નજર તળે આવે અને તેનું અસ્તિત્વ ઘરમાં છે તેની જાણકારી રહે. જો કે આવા વખતે થોડા નાના-મોટા વાદ વિવાદ પણ થાય. એક જણ માટેની નકામી વસ્તુ કોઈ બીજી વ્યક્તિ માટે પ્રિય પણ હોય અને તે આવી વસ્તુને સાચવી રાખવા નો આગ્રહ રાખે. અને આને કારણે જ આવા વખતે સૌને એકમેક ના ગમા-અણગમાંની પ્રતીતિ થાય અને એકબીજાના ગમા-અણગમાંનો આદર કરીને સૌ એક બીજાની નિકટ આવે. પરંતુ આ સાફ સફાઈનો સૌથી મહત્વ નો મુદ્દો તો વડીલ સમજાવે કે દિવાળી આવતા સુધીમાં જેમ આપણે આપણાં ઘરનો કચરો દૂર કરીએ છીએ તેજ પ્રમાણે દિવાળી ના પવિત્ર તહેવારમાં આપણે આપણાં અંદર રહેલા મેલ ને પણ દૂર કરવાનો છે.

### "મીઠાઈ"

આ સાફ સફાઈ નો તબક્કો પૂરો થાય એટલે પછી તહેવારો માટે મીઠાઈ બનાવવાની વિધિ શરૂ થાય, અને પરિવાર ની સૌ મહિલા આમાં આનંદભેર જોડાય. સાસુ, વહુ અને દીકરી ત્રણેય સહિયારા ભાગીદાર. ઘરમાં અવનવી મીઠાઈ, જેમ કે મઠિયાં, ઘૂઘરા, મગસ, સેવ, વગેરે વગેરે બનાવવાની શરૂઆત થાય. આમાં બે વસ્તુ મુખ્યત્વે. કોઈ પણ ના ઘેર જાવ તો મઠિયાં અને ઘૂઘરા તો હોય હોય ને હોય જ. મઠિયાં બનાવવામાં દીકરી મઠિયાં વણે, વહુ મઠિયાં તેલમાં ઓરે અને સાસુ આને તળે. આ મઠિયાં બનાવવામાં સૌથી અગત્યની કુશળતા હોય તો તે મઠિયાં તળવાની અને સાસુ તેમાં પારંગત. મઠિયું કાચું પણ ના રહેવું જોઈએ (એટલે કે અમેરિકન ના હોવું જોઈએ) કે વધુ પડતું તળાવવું પણ ના જોઈએ (એટલે કે આફ્રિકન પણ ના થવું જોઈએ) એ તો રંગે, રૂપે અને સ્વાદે શુધ્ધ ભારતીય બનવું જોઈએ. ત્યારે વહુ જે મઠિયાં તેલમાં ઓરે તેને પણ એટલી જ કાળજી થી ધીમે રહીને તાવડી ની કોરે થી તેલમાં સરકાવવાના કે જેથી ગરમ તેલનો એક પણ છાંટો સાસુ ઉપર ના ઊડે. ત્યારે લાડકી દીકરી ના માથે સૌથી સહેલું વણવાનું કામ. બસ ખાલી એટલો જ ખ્યાલ રાખવા નો કે તે એકદમ ગોળમટોળ અને એક સરખી જાડાઈ નું બને. કાળક્રમે દીકરી વહુ બને, વહુ સાસુ બને અને તેઓ સાસુની રાહબરી હેઠળ આ કળામાં પ્રમોશન મેળવતા જાય. "બીજી મીઠાઈ તે ઘૂઘરા. આ પણ એટલી જ સ્વાદિષ્ટ અને કુશળતા માંગી લેતી મીઠાઈ. આમાં પણ દીકરી ઘૂઘરા વણે, વહુ તેમાં મસાલો ભરે અને પરિવારના વડીલ સુકાની આ મસાલા ને સાંકળ રૂપી કાંગરી દ્વારા અકબંધ રીતે બંધનમાં રાખે કે તે છૂટો ના પડી જાય, અને પોતે એમાં પારંગત પણ ખરા. પરિવાર પણ આમ જ સચવાય. અલગ અલગ સ્વભાવના સૌ સભ્યો એક સાથે ભેગા મળીને આ સાંકળ રૂપી કાંગરીમાં બંધાઈ ને એક ઉત્તમ સ્વાદ નું નિરૂપણ કરે.

### "દીપ પ્રાગટ્ય"

"મીઠાઈ બનાવવાની આ રસમ પૂરી થાય ત્યાં તો દિવાળી આંગણે આવીને ઊભી રહી જાય અને દિવા ના ઝળહળતા પ્રકાશ વડે ઘરને અજવાળવાનો સમય આવી જાય. ઘરના કાંગરે કાંગરે માટીના કોડિયા પ્રગટાવાય. આજે તો વાત જુદી છે, એકાદ કોડિયું પ્રગટાવી ને બાકી બજારમાં મળતી ઝબૂક ઝબૂક થતી લાઇટ દ્વારા ઘરને શણગારે છે. આમાં તો આપણે ઘેર દિવાળી ને ચીન માં ઉજાણી. પણ ખરેખર તો આ સમયે ઘરને શણગારવાનું નથી હોતું, ઘરને ઉજાળવાનું હોય છે અને અજવાળું પાથરવાનું હોય છે. અને આનો આનંદ તો સૌ સાથે મળીને કોડિયા પ્રગટાવે તેમાં જ હોય. આ કોડિયું અને તેમાં પ્રગટાવેલ વાટ, એ પણ એક ઘરના વડીલ નું પ્રતિક છે. કોડિયું એ પોતાની અંદર તેલ અને વાટ રૂપી પરિવારને સમાવી ને, અંધકાર ને પોતાની નીચે છુપાવી ને ચારેકોર અજવાળું પ્રસરાવવામાં કોડિયામાં સમાયેલી વાટ ને ટેકો આપે છે અને આ વાટ પોતે સળગી ને સમગ્ર ઘરને અજવાળું પૂરું પાડે છે.

### "રંગોળી"

ઘરને ઝળહળતું કર્યા બાદ આ ઝળહળ પ્રકાશમાં આંગણમાં રંગોળી રચવાના અત્યંત આનંદીત પ્રસંગની શરૂઆત. કુટુંબ ના સૌ સભ્યો આમાં ઉત્સાહભેર ભાગ લે. અને સૌ પ્રથમ શરૂઆત થાય રંગોળી માટેની જગ્યામાં લીંપણ કરવાની. ઘરનાં વડીલ દાદા આમાં પારંગત. જો કે એમને આવડે પણ એટલુંજ. નાના ટાબરિયાઓ તો આ જોઈને હસે, દાદા તમને બીજું કશું નહી ફાવે. દાદા પણ મનમાં મલકાય, દીકરાઓ આ લીંપણ છે તો એ અલગ અલગ રંગો ને સાચવી જાણે છે. નહી તો હવાનું એક ઝોકું આવે ને સૌ રંગો તીતર-બીતર થઈ જાય. અંતે આ લાલ, પીળો, વાદળી, ભૂરો, નારંગી, લીલો એમ સૌ અલગ અલગ સ્વભાવ, ગુણધર્મ વાળા રંગો સાથે મળીને એક સુંદર રંગોળી રચાય.

### "ફટાકડા"

દિવાળીનું અન્ય એક માહાત્મ્ય એ ફટાકડા ફોડવાનું. બાળકો સૌથી વધુ આની રાહ જોતાં હોય. દિવાળીની ઉજવણી માં દરેક પૂજન બાદ રાત્રે ફટાકડા ફોડવાના જલસા. આ પણ એક પારિવારિક પ્રસંગ. ઘરના સૌ ભેગા મળીને પ્રાંગણ માં એકઠા થાય. દાદા-દાદી ઉંબર માં ખુરશી ખેંચી ને બેઠા હોય. એક એક ફટાકડો ફૂટતો જાય અને એનો આનંદ લેતા જાય. જો કે આ સમગ્ર પ્રકિયા દરમ્યાન પણ તેઓ નું ધ્યાન તો બાળકોના રક્ષણ માટેનું મુખ્યત્વે હોય, અને સમયાંતરે ટોકતાં પણ જાય કે આ તારામંડલ પાણીમાં નાખો, કે બોમ વગેરેથી દૂર રહો વગેરે વગેરે... તો માતા-પિતા પણ ફૂટતા અનાર ના પ્રકાશમાં ઝળહળતા દીકરાના મુખારવિંદ ને જોઈને રાજી થાય. આ ફટાકડા ફૂટે છે તો પ્રકાશ ફેલાય છે અને પ્રકાશ ફેલાય છે તો દીકરાનું મુખારવિંદ ઝળહળે છે. ફટાકડા પણ આપણને

(અનુસંધાન પાના નં.-૧૦)

# અવસાન-શ્રધ્ધાંજલિ



**કોકિલાબેન ભરતકુમાર શાહ**
ગામ : મોટપ
હાલ : વડોદરા
સ્વ. તા.૨૮-૨-૨૬, શનિવાર



**ચીનુભાઇ લહેરચંદ શાહ**
ગામ : વડાવલી
હાલ : અમદાવાદ
સ્વ. તા.૦૪-૦૩-૨૦૨૬, બુધવાર



**શ્રી શૈલેષભાઈ સુમતિલાલ શાહ (ચક્ષુ દાતા)**
ગામ : ભાલક
હાલ : અમદાવાદ
સ્વ. તા.૦૬-૦૩-૨૦૨૬, શુક્રવાર



**કૌશિકભાઈ જશવંતલાલ શાહ**
ગામ : બોકરવાડા
હાલ : અમદાવાદ
સ્વ. તા.૧૦-૦૩-૨૬, મંગળવાર



**વિભાબેન યોગેશભાઈ શાહ**
ગામ : મણુંદ
હાલ : પુના
સ્વ. તા.૧૫-૦૩-૨૦૨૬, રવિવાર



**પદમાબેન ચીનુભાઈ શાહ**
ગામ : ગાંભુ
હાલ : પુના
સ્વ. તા.૧૮-૦૩-૨૦૨૬, બુધવાર



**કમળાબેન કનુભાઈ શાહ**
ગામ : ખેરાલુ
હાલ : વડનગર
સ્વ. તા.૧૯-૦૩-૨૦૨૬, ગુરુવાર



**કોકીલાબેન ભરતભાઈ શાહ**
ગામ : ભાલક
હાલ : અમદાવાદ
સ્વ. તા.૨૬-૦૩-૨૦૨૬ ,ગુરુવાર

**આ દિવંગત આત્માઓને પ્રભુ શાંતિ આપે તેવી પ્રાર્થના**

એજ શિખવી જાય છે કે, અંતે તો સૌએ રાખમાં જ ભળી જવાનું છે. પરંતુ જ્યાં સુધી હયાતી છે ત્યાં સુધી ઝળહળતા રહો અને પ્રકાશ ફેલાવતા રહો.

### "પૂજન"

દિવાળી ના દિવસોમાં અધિકાંશ રીતે દરેક હિન્દુ પરિવારમાં જોવા મળતી ધાર્મિક વિધિ એટલે વિવિધ પ્રકારના પૂજન. આ દિવસોમાં વાક-બારશ થી લઈને લાભપાંચમ સુધી વિવિધ પ્રકારના પૂજન કરવામાં આવે છે. પરંતુ લગભગ દરેક કુટુંબમાં મુખ્યત્વે બે પૂજન, લક્ષ્મી પૂજન અને ચોપડા પૂજન, આ બે પૂજન તો અવશ્ય થવાના થવાના અને થવાના જ. અગાઉ જણાવ્યું તેમ અહી આપણે આ પૂજન ના ધાર્મિક માહાત્મ્ય અને રીત રસમ વિષે વાત નથી કરવી પણ તેનાં પારિવારિક મૂલ્ય ને ઉજાગર કરવાનું છે."આભાર - નિહારીકા રવિયા અત્રે હું તેને અમારા પરિવારમાં થતી રીત રસમ ની દ્રષ્ટિએ આંકૂ છું. અન્ય પરિવારમાં તે કદાચ અલગ રીતે ઉજવવામાં આવતું હોય પરંતુ મારે તો તેને તેમાં રહેલી પરિવાર ની એકતા ના સંદર્ભે મૂલવવું છે.

### "લક્ષ્મીપૂજન-ધનપૂજન"

ધનતેરશ ના દિવસે કરવામાં આવતા પુજનને લક્ષ્મીપૂજન અથવા ધન પૂજન કહેવામાં આવે છે. દરેક હિન્દુ પરિવારમાં આ પૂજન અવશ્ય રીતે થાય છે. મૂળ તો આ દિવસ ધન્વંતરિ તેરશ તરીકે ઓળખાતો અને તે દિવસે ધન્વંતરિ દેવ ની પુજા કરવામાં આવતી. એટલે કે સૌના આરોગ્ય ની સુખાકારી માટેની પુજા કરવામાં આવતી. કાળક્રમે આજના દિવસોમાં તે ધન્વંતરિ પૂજન માંથી ધન પૂજા માં પરિણમી છે. હવે આજના દિવસોમાં તો કેટલાંક પરિવારમાં લક્ષ્મી પુજા એટલે સાચા અર્થમાં પરિવારમાં પધારેલ લક્ષ્મી (પરિવારમાં જોડાયેલ વહુવારુ) ની પુજા કરવામાં આવે છે. આ પણ એક ઉત્તમ પ્રકારની લક્ષ્મી પુજા છે. પરંતુ આપણે આના ધાર્મિક ઊંડાણમાં નથી જવું. આપણે તો તેના પારિવારિક માહાત્મ્ય ની વાત કરવી છે. અમારે ત્યાં પણ દાદા ના દાદા ના વખતથી ચાલી આવતી પરંપરા છે. પિતાશ્રી પાસેથી મેળવેલી માહિતી મુજબ આ દિવસે અમારાં ગામના ઘરે કુટુંબ ના સૌ ભાઈઓ અને પિતરાઈ ભાઈઓ અને તેઓના પરિવારના સભ્યો મળીને કૂલ ૩૦ થી ૪૦ સભ્યો આ પૂજન માં જોડાતા. પૂજન સમાપ્તિ બાદ સૌ એક સાથે મળીને ભોજનનો આનંદ માણે અને પછી બાલગોપાલ સાથે ફટાકડાની આતશબાજી. આજે પણ અમે એ પરંપરા જાળવી રાખી છે, હા, થોડોક ફેરફાર જરૂર કર્યો છે. તે વખતમાં લક્ષ્મી પૂજન માટે ઘરનાં વડીલ પાટલે બેસતા. આજે અમારે ત્યાં પરિવાર ની વહુ અને દીકરીઓ દ્વારા પૂજન વિધિ કરવામાં આવે છે. અમારું કુટુંબ અને મારા પિતરાઈ ભાઈનું કુટુંબ બંને સાથે મળીને શ્લોકો, ભક્તામર સાથે વિધિવત રીતે આ પૂજન કરીએ અને ઘૂઘરા અને પાણિપુરીના ભોજનનો આનંદ માણીએ. ઘૂઘરા નું પારિવારિક સિમ્બોલિક મહત્વ તો આગળ આપણે જોયું, તેજ પ્રમાણે પાણિપુરી પણ એટલુંજ મહત્વ ધરાવે. પુરી ની અંદર ભરવામાં આવતો માવો એટલે બટાકા, ચણા, મગ વગેરેનું મિશ્રણ, અને ઉપર ચટાકેદાર મસાલો, અને પછી તેમાં મસાલેદાર પાણી. આ પાણી પણ કેવું, તેમાં દરેક પ્રકારનો સ્વાદ સમાયેલો હોય. પ્રમાણસર તીખાસ, પ્રમાણસર ખટાશ, પ્રમાણસર ખારાશ અને પ્રમાણસર મીઠાશ અને પછી ઉપર મસ્ત ખાટી-મીઠી ચટણી. આહા...હા..હા... કુટુંબ પણ આવું જ હોય. કુટુંબ ના સૌ સભ્યો માં કોઈ થોડું તીખું, કોઈ થોડું ખાટું, કોઈ થોડું ખારું ને કોઈ થોડું મીઠું, અને તો જ બને એક સુંદર એકરૂપ સંપીલો પરિવાર.

(ક્રમશઃ)

વિભાકર જે. શાહ (ઉનાવા) અમદાવાદ

શ્રી મહેસાણા પ્રાંત જૈન દશા
શ્રીમાળી જ્ઞાતિ મંડળ, અમદાવાદ
યુથ ફોરમ આયોજીત

યુથ ફોરમ

# YOUTH BUSINESS NETWORKING MEET



**સમાજ સાથે જોડાઈને**
**બિઝનેસના નવા અવસરો શોધો**

યુથ ફોરમ દ્વારા યુવા શક્તિને એક નવી દિશા આપવાના સરાહનીય પ્રયાસ રૂપે **"Youth Business Networking Meet"** નું આયોજન કરવામાં આવ્યું છે. આજના ઝડપી અને સ્પર્ધાત્મક યુગમાં માત્ર માહિતી પૂરતી નથી, પરંતુ યોગ્ય લોકો સાથે જોડાવું અને યોગ્ય અવસર પ્રાપ્ત કરવો એટલું જ મહત્વનું બની ગયું છે. આ જ વિચારને સાકાર કરવા માટે આ કાર્યક્રમ એક અનોખું અને અસરકારક પ્લેટફોર્મ પૂરું પાડે છે.
આપણે ક્રિકેટ અને સુરીલી સંગતમાં સારી સફળતા મેળવી છે. એન્ટરટેઇનમેન્ટ દ્વારા આપણે એકબીજા સાથે જોડાઈ શક્યા છીએ, એકતા મજબૂત બનાવી છે અને નવા સંબંધો ઊભા કર્યા છે. જો આપણે આ રીતે સાથે મળીને સફળ થઈ શકીએ, તો બિઝનેસમાં કેમ નહીં? હવે સમય છે આ જોડાણને નવી દિશા આપવાનો. ચાલો, સાથે મળીને કંઈક નવું કરીએ, આપણો બિઝનેસ, આપણો પ્રોફિટ અને આપણા ભાઈઓ અને બહેનોને આગળ વધારવાનો સંકલ્પ કરીએ.

સમાજના યુવાનોમાં અદમ્ય શક્તિ, નવી વિચારસરણી અને કંઈક નવું સર્જવાનો જુસ્સો રહેલો છે. છતાં ઘણીવાર યોગ્ય માર્ગદર્શન, ઓળખાણ અને મજબૂત નેટવર્કના અભાવે આ ક્ષમતાનો પૂર્ણ વિકાસ થતો નથી. **"Youth Business Networking Meet"** એ જ ખાલી જગ્યા પૂર્ણ કરવાનો એક મહત્વપૂર્ણ પ્રયાસ છે. આ મંચ પર યુવાનોને પોતાના બિઝનેસ, પ્રોફેશન અથવા સ્ટાર્ટઅપ વિશે રજૂઆત કરવાની ઉત્તમ તક મળશે. સાથે સાથે તેઓ સમાજના અન્ય ઉદ્યોગપતિઓ અને અનુભવી પ્રોફેશનલ્સ સાથે સીધી મુલાકાત કરી નવા સંબંધો વિકસાવી શકશે.

આ કાર્યક્રમ માત્ર એક મીટિંગ નથી, પરંતુ વિચારોના વિનિમયનું એક સજીવ કેન્દ્ર છે, જ્યાં નવા સપનાઓને દિશા મળશે અને અનુભવોને નવી ઊર્જા મળશે. દરેક ભાગ લેનારને અંદાજે ૨ મિનિટ આપવામાં આવશે, જેમાં તેઓ પોતાનું નામ, ગામ અને પોતાના કાર્યક્ષેત્ર વિશે ટૂંકું પ્રેઝન્ટેશન આપી શકશે. આ પ્રક્રિયા યુવાનોમાં આત્મવિશ્વાસ વધારશે અને તેમને નવા અવસર તરફ આગળ વધવા પ્રેરિત કરશે. આ ખાસ કાર્યક્રમનું આયોજન તા. ૨૬ એપ્રિલ, ૨૦૨૬ (રવિવાર) ના રોજ, સવારે ૯:૩૦ થી બપોરે ૧૨:૩૦ દરમ્યાન કરવામાં આવ્યું છે. કાર્યક્રમનું સ્થળ : પ્રીમિયમ બેન્કવેટ હોલ, અમદાવાદ મેનેજમેન્ટ એસોસિએશન (AMA), પાંજરાપોળ ચાર રસ્તા, અમદાવાદ. કાર્યક્રમ બાદ સૌ માટે લંચ અને અનૌપચારિક નેટવર્કિંગ માટે વિશેષ સમય રાખવામાં આવ્યો છે, જેથી સહભાગીઓ એકબીજાને નજીકથી ઓળખી શકે.

કાર્યક્રમમાં ભાગ લેવા માટે રજીસ્ટ્રેશન ફરજિયાત છે. રજીસ્ટ્રેશન ફી પ્રતિ વ્યક્તિ રૂા.૧૦૦૦/- રાખવામાં આવી છે અને નોંધણી કરવાની છેલ્લી તારીખ ૧૦ એપ્રિલ, ૨૦૨૬ – રાત્રે ૧૧:૦૦ વાગ્યા સુધી છે. ઇચ્છુક સભ્યો નીચે આપેલ લિંક દ્વારા રજીસ્ટ્રેશન કરી શકે છે.

આવો, આપણે સૌ મળીને સમાજના યુવાનોને મજબૂત નેટવર્ક સાથે જોડીએ, નવી તકો સર્જીએ અને વ્યવસાય ક્ષેત્રે નવી ઊંચાઈઓ સર કરીએ. આ કાર્યક્રમ માત્ર એક દિવસનો ઇવેન્ટ નથી, પરંતુ ભવિષ્યના સફળતાના બીજ વાવવાનો એક સશક્ત પ્રયત્ન છે.

: વધુ માહિતી માટે સંપર્ક કરો:
**જગત ગાંધી મો.: ૯૮૨૫૦૨૪૭૩૩ - શાલીન શાહ મો.: ૯૩૨૭૫૫૯૦૪૨**

RNI No. GUJGUJ/2003/11307. • Published on 1st date of Every Month. Registered under Postal Registration No. GAMC-1401/2024-2026 valid up to 31st December 2026. Issued by SSPO's Ahmedabad City Fivision, permitted to post at Ahmedabad PSO on 1st date of Every Month. License to post without prepayment No. PMG/NG/102/2024-2026 valid up to 31/12/2026.



# સુવર્ણ જયંતિ મહોત્સવ



मातृ देवो भव । पितृ देवो भव ॥

અગણિત છે ઉપકાર જેમના તે કદી વિસરશો નહિં. દેવોને પણ દુર્લભ એવી માતા-પિતાની સેવા અને સન્માન કરવાની પરમાત્માએ અમને તક આપી તે બદલ અમે ધન્યતા અનુભવીએ છીએ.

"લગ્ન એ અઢી અક્ષરની વાત છે, પછી જીવનભરનો સાથ છે...
બે હૃદય અને બે વંશ મળે, બે અજાણ્યા પરિવાર મળે, બને એક ઘરનો માળો..."

શ્રી ચંદ્રકાન્તભાઈ તથા શ્રીમતી જ્યોત્સનાબેનના લગ્ન તા. ૨૫-૦૩-૧૯૭૬ ના રોજ થયેલ લગ્ન જીવનના ૫૦ વર્ષ પૂર્ણ થયાના નિમિત્તે "ગોલ્ડન જ્યુબિલી સેલિબ્રેશન" કરવામાં આવ્યું. આ પ્રસંગે અમદાવાદ ખાતે ટાગોર હોલમાં તા. ૨૪-૦૩-૨૦૨૬ ના રોજ સંગીતમય કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ. જેમાં સાંજના ભોજન સાથે માતૃ-પિતૃ વંદના, ફેમિલી પરફોર્મન્સ, મ્યુઝીકલ નાઈટ્સ, અભિવાદન સમારોહ રાખવામાં આવેલ.








ડૉ. ચિરાગ અને ડૉ. દિપલ ❁ ભાવિન અને અમીષા

ઝંખના અને ચિંતનકુમાર ❁ પૌત્ર-પૌત્રીઓ : નિહાલ, વિર્તી, હીત, હીર, મંત્ર ❁ સમગ્ર રમણલાલ સ્વરૂપચંદ શાહ (ઉનાવા) પરિવાર

સંપર્ક : ૯૩૨૭૦૩૮૮૦૩, ૯૬૬૨૫૩૨૯૮૯, ૯૫૭૪૬૩૧૭૭૬

પરિવાર પત્રિકા

Printed and Published by BAKUBHAI CHHAGANLAL GANDHI on behalf of SHRI MEHSANA PRANT JAIN DASHA SHRIMALI GNYATI MANDAL
Office Time : 10-30 to 6-30 (Monday Close) • Phone : 26602375 • Email : mahesana_jainprant@yahoo.com • www.47dashashreemali.in
Printed at Jagadish Offset, Ahmedabad and published from SHRI MAHESANA PRANT JAIN DASHA SHRIMALI GNYATI MANDAL,
Dipti Advertisers, 3rd Floor, P K House, B/h. M. J. Library, Ellisbridge, Ahmedabad-6. Editor - BAKUBHAI CHHAGANLAL GANDHI